

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*વિવેકપૂર્ણ પ્રચાર નથી, કાવાદાવા ફરે છે,*
*સ્વાર્થી નેતા નવા પક્ષે સત્તા-લાડુ ખાવા ફરે છે*
*કરે પોકળ દાવા જ્ઞાતિ-ધર્મ-સમાજના જાતે-*
*લોકશાહી ભૂગર્ભે વેરભાવના લાવા ફરે છે*

હાઈકુ

*બની બેઠા છે*
*સમાજ છડીદાર*
*સત્તા લાલચુ*

*સમાજે કોઈ*
*ઓળખે ન પારખે*
*હું ઉદ્ધારક !*

### ચિંતન

*નકર્મ યત્કિંચિદપેક્ષતે હિ રુપોપલબ્ધૌ પુરુષસ્ય ચક્ષુઃ ।*
*જ્ઞાનં તથૈવ શ્રવણાદિજન્યં વસ્તુપ્રકાશે નિરપેક્ષમેવ ॥*

ઉપરોક્ત શ્લોક 'સર્વવેદાંત સિદ્ધાંત' સારસંગ્રહમાંથી લેવામાં આવ્યો છે.

જેમ મનુષ્યની આંખને રૂપ જાણવામાં કોઈ કર્મની અપેક્ષા રહેતી નથી. તેમ શ્રવણાદિથી ઉત્પન્ન થયેલા જ્ઞાનને બ્રહ્મરૂપ વસ્તુના પ્રકાશમાં કોઈ પણ કર્મની અપેક્ષા રહેતી નથી.

તો આંખ ખુલ્લી હોય તો તેની સામે પડેલું દૃશ્ય અન્ય કોઈ પણ પ્રકારનું કર્મ કર્યા વગર જોઈ શકાય છે પછી સામે કોઈ પણ સ્વરૂપ હોય, એવી જ રીતે ખુલ્લા કાન પર પડતો અવાજ આપોઆપ મન સુધી પહોંચે છે.

માત્ર જરૂરી એ છે કે સારું જોઈ મન-દૃષ્ટિને કેળવો અને સારું સાંભળી બ્રહ્મને માહિતગાર કરો.

### સુવિચાર

- ન માંઝી ન હમસફર ન હક મેં હવાયેં હૈ, કશ્તી ભી જર્જર હૈ યે કૈસા સફર હૈ - **તેજલ પાલ**
- ચેમ્પિયનો જાણે છે કે સફળતા અનિવાર્ય છે, નિષ્ફળતા જેવું કશું નથી. તે માત્ર પૂરક માહિતી છે. તેઓ તે પણ જાણે છે કે ભવિષ્ય ભાખવાનો શ્રેષ્ઠ માર્ગ છે કે તે જાતે જ સર્જવું - **ડેનિસ પાર્કર**
- માણસ ખુદની ભૂલ સ્વીકારવા જેવો મોટો હોવો જોઈએ. તેમાંથી ફાયદો મેળવવા જેવો ચતુર હોવો જોઈએ અને તે ભૂલો સુધારવા જેવો મજબૂત હોવો જોઈએ. - **એસ ભટ્ટાચાર્ય**
- તાણ, તનાવ એક એવું ઘડિયાળ છે જે તમને કહે છે કે તમે નકામા વિચારો વળગી રહ્યા છો - **બાયરન કેટી**
- તમે નિષ્ફળતાની કે સફળતાની તાણને દૂર કરો તેમ કરતાં તમે સ્વમાં સ્થિર થશો. તમે બ્રેક પર પગ રાખીને ગાડી ન ચલાવો. તો તો આમ જ થશે. - **શિવ ખેરા**
- જે કામ તમે તમારી ખુદની પરવાનગીથી કરેલ હોય, તેના વિશે ક્યારે પણ ફરિયાદ ન કરો. - **ફાધર વાલેસ**
- આજનું ઔષધ : શીતળા નીકળે ત્યારે સોપારીનો બારીક ભૂકો પાણી સાથે સવાર-બપોર-સાંજ-રાત પીવાથી શીતળાનું ઝેર સહેલાઈથી નીકળી જાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

મુલ્લા નસરુદ્દીન એક ચૂંટણીમાં ઊભા રહ્યા. પોતાનું ચૂંટણીક્ષેત્ર હતું, તેમાં મત માગવા માટે ફરવા લાગ્યા. તેમને કેટલાક પરિચિત વ્યક્તિ મળ્યા. તેમણે મુલ્લાને કહ્યું કે અમુક માણસ તમારી વિરુદ્ધ ગમે તેમ બોલે છે. મુલ્લ પણ ગાળ આપવામાં હોશિયાર હતા. એટલે એણે જેટલી ગાળો જાણતો હતો એટલી પેલા વિરુદ્ધ ભાંડી ને કહ્યું, એ માણસ કોઈ શેતાનનો દીકરો હોવો જોઈએ... એકવાર મને જીતી જવા દો, પછી એને નર્કમાં મોકલાવી દઈશ.

પેલા પરિચિતોએ કહ્યું, તમે ગાળો આપવામાં હોશિયાર છો, માટે આવું કહ્યું, એ માણસ તમારો ચાહક અને પ્રશંસક પણ છે.

મુલ્લાએ કહ્યું, હું જાણતો જ હતો કે એ માણસ દેવતા જેવો છે. એકવાર હું ચુંટાઈ આવીશ પછી એને મંદિરોમાં બેસાડીશ અને એની પૂજા કરીશ.

મિત્રોએ કહ્યું, કોણ બદલાતું નથી ? મન તો બદલાયા જ કરે છે. આજે સ્ત્રીરૂપની દેવી દેખાય છે, તે કાલે સાક્ષાત કુરૂપ પણ દેખાય છે.

મનનું પણ કંઈક એવું જ છે. તે એક અતિ પરથી બીજા અતિ પર દોડી જાય છે. મન વચમાં રોકાતું નથી.

# અસ્તિત્વની લડાઈ બની રહેલી ચૂંટણી

તંત્રીસ્થાનેથી...

બીજી વખત ચૂંટણીઓ કરતાં ૨૦૧૯ની લોકસભા ચૂંટણી જુદી કયા મુદ્દે પડે છે ? ગત લોકસભાની ચૂંટણી વખતે રાષ્ટ્રવ્યાપી મોદીમોજાની જાદુઈ અસર હતી, છતાં વિપક્ષોને એમના અસ્તિત્વનું જોખમ નહોતું લાગ્યું. જો કે કોંગ્રેસ જેવી રાષ્ટ્રીય પાર્ટીને એની કારકિર્દીનું સૌથી નાલેશીરૂપ પરિણામ જરૂર મળ્યું હતું. માંડ ૪૪ બેઠકોમાં સમેટાઈ ગયેલ કોંગ્રેસ દસ વર્ષના શાસનકાળ પછી સીધી જ એવા તબક્કે પહોંચી ગઈ હતી કે એને અધિકૃત વિરોધપક્ષ તરીકેની માન્યતા પણ નહોતી મળી શકી. ઉદારતાપૂર્વક ખાસ અપવાદ કરીને એને વિપક્ષનો દરજ્જો આપવા જેટલી ઉદારતા પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી નહોતા દાખવી શક્યા. એમણે તો ઉલટાનો દેશને કોંગ્રેસમુક્ત કરી દેવાનો કાર્યક્રમ ચાલુ રાખ્યો હતો. કાળક્રમે એક સમયે સંસદમાં માંડ બે બેઠકો પર સમેટાઈ ગયેલ કેસરિયા પાર્ટી એના આગવા બળ પર સ્પષ્ટ બહુમતીનો આંકડો ઓળંગીને આગળ નીકળી ગઈ હતી અને ત્યારથી કોંગ્રેસ સહિત તમામ પ્રાદેશિક પક્ષોને પાંચ વર્ષ પછી એમના અસ્તિત્વની લડાઈ લડી લેવાના સંકેતો મળી ગયા હતા. કોઈ પણ પ્રકારનાં નૈતિક મૂલ્યો કે પ્રસ્થાપિત પરંપરાઓની લેશ પર દરકાર કર્યા વગર ભારતીય જનતા પાર્ટી ગાંડા હાથીની ગતમાં દેશને ઘમરોળવા લાગી હતી જેમાં એની સામે મહત્ત્વનો મુદ્દો તમામ વિરોધીઓને જમીનદોસ્ત કરી દઈ દેશમાં ભારતીય જનતા પાર્ટીનું એકચક્રી શાસન સ્થાપવાનો હતો. એમાં પોતાના કરતાં પણ વધુ કટ્ટર હિન્દુત્વવાદી પાર્ટી શિવસેનાને પણ એની હેસિયત બતાવી દેવાનો અને નીતિશકુમાર જેવા તત્કાલીન પ્રતિસ્પર્ધીને માત આપવાનો ઈરાદો પણ હતો. તે વખતે બંગાળનાં મમતા બેનરજી કે આંધ્રના ચંદ્રાબાબુ નાયડુને સતાવવા કે વતાવવાનું મોદી કે એમની પાર્ટીને સપનું પણ નહોતું આવ્યું.

માયાવતી, મમતા, ચંદ્રાબાબુ વગેરે અને એ બધાંનાં શિરમોર એવાં દખ્ખણ સામ્રાજ્ઞી જયલલિતાનો સાચવવામાં જ એમને પોતાનું હિત વરતાતું હતું. ૨૦૧૯ આવતાં આવતાં આ તમામ સમીકરણો બદલાઈ ગયાં છે. જે ઉત્તર પ્રદેશ અને બિહારમાં મોદી નામના વાવાઝોડાએ સપાટો બોલાવી દીધો હતો તે બેઉ પ્રદેશો ઉપરાંત અન્ય હિંદીભાષી રાજ્યોમાં મોદીનો જાદુ ઓસરી ચૂક્યો છે. રાહુલ ગાંધીને કટ ટુ સાઈઝ કરવાના પ્રયાસો નિષ્ફળ નીવડ્યા છે. સામે કેજરીવાલ એમનાં પોતાનાં જ કારણોસર કટ ટુ સાઈઝ થઈ ગયા છે તે ફાયદો પણ છે.

આમ આ ચૂંટણી મોદી, રાહુલ, કેજરીવાલ ઉપરાંત મમતા અને માયાવતી કે ચંદ્રાબાબુ નાયડુ જેવા તમામ નેતાઓ માટે પોતપોતાનું વજૂદ અકબંધ રાખવા માટેની લડાઈ છે. તમામ નેતાઓ એડીચોટીનું જોર લગાવી એ વજૂદ ટકાવી રાખવા અને વધારવા પ્રયત્નશીલ છે. ચંદ્રશેખર જેવા લઘુનેતા પણ વડાપ્રધાનપદનાં સપનાં જોવા લાગ્યા છે. દક્ષિણ ભારતના વડાપ્રધાન મૂકવાનો એમનો વિચાર કોંગ્રેસ અને ભાજપ બેઉને અકળાવે તે સ્વાભાવિક છે.

# જાકો રાખે સાંઈયા માર સકે ના કોઈ


## ડાયલોગથી દેવભાષા



ડૉ. જય ઓઝા
jayuoza@gmail.com

**કિસી મહાન આદમીને કહા હૈ-**
**જાકો રાખે સાંઈયા માર સકે ના કોઈ**
**- લકી**

ઈ.સ. ૨૦૦૫માં રાધિકા રાવ અને વિનય સપ્રુનાં સહિયારાં દિગ્દર્શનમાં સલમાન ખાન અને સ્નેહા ઉલ્લાલ




(ઐશ્વર્યા રાયની ડુપ્લીકેટ) અભિનિત 'લકી-નો ટાઈમ ફોર લવ' ફિલ્મ આવી હતી. આ ફિલ્મમાં એક ખૂબ જ મહત્ત્વનું પાત્ર મિથુન ચક્રવર્તી પણ છે. મિલાપ ઝવેરીએ આ ફિલ્મના સંવાદ લખ્યા છે.

આમ જોવા જઈએ તો આ કહેવત 'રામ રાખે તેને કોણ ચાખે' પ્રકારની પંક્તિ અનુસાર જ ભાવ આપે છે.

ફિલ્મમાં આ સંવાદ મિથુન ચક્રવર્તીના મુખે બોલાવવામાં આવ્યો છે.

આ ઉપરાંત 'અજૂબા' ફિલ્મમાં દારાસિંહના મુખે પણ આ જ સંવાદ બોલાવાયો છે. 'કર્ઝ'માં પણ મને યાદ છે ત્યાં સુધી આ સંવાદ પ્રાણ બોલે છે.

'પંચતંત્ર' - આ સંસ્કૃત કથા-સાહિત્યનો ગ્રન્થ તો આપણાં સૌ માટે ગીતા સમાન છે. આવા જ પ્રકારનો એક શ્લોક તેમાં મળી આવે છે.

અરક્ષિતં તિષ્ઠતિ દૈવરક્ષિતં ।
જીવત્યનાથોઽપિ વને વિસર્જિતઃ॥

જેનું ધ્યાન રાખવાવાળું કોઈ નથી હોતું, તેનું ધ્યાન સ્વયં દૈવ (ભાગ્ય) રાખે છે. અનાથ વ્યક્તિને જંગલમાં છોડી દેવામાં આવે તો પણ ઈશ્વર ઈચ્છાથી જીવત રહે છે.

આશરે બીજી સદીમાં રચાયેલ 'પંચતંત્ર'ના રચયિતા વિષ્ણુશર્માને માનવામાં આવે છે. 'મિત્ર-ભેદ', 'મિત્ર-લાભ', 'કાકોલુકીયમ', 'લબ્ધપ્રણાશમ' 'અપરિક્ષિત પ્રકરણમ્' આવા કુલ પાંચ ભાગમાં 'પંચતંત્ર' વિભાજીત છે.

૨૦૦૫ હોય કે બીજી શતાબ્દી હોય, ઈશ્વરની ઈચ્છા વગર એક પાંદડું પણ હલી શકતું નથી, તે સત્ય મનુષ્ય જાણી તો ગયો છે, પરંતુ કદાચ હજી સુધી સમજવા નથી માગતો.

## રવિવારે સાહિત્યસભા દ્વારા સર્જક સાથે એક સાંજ

### સાહિત્ય વૃત્ત



મૂળજીભાઈ પરમાર 'દધિ'

વિસરાતી જતી ગરવી ગુજરાતી માતૃભાષામાં લોકોનો રસ કેળવાય અને તેનો વ્યાપ વધે તથા માતૃભાષામાં માતબર ખેડાણ થાય, માતૃભાષા સદાય મઘમઘતી મહેકતી અને હરદમ ધબકતી રહે તે હેતુસર ગાંધીનગર સાહિત્યસભા દ્વારા પ્રયાસો કરવામાં આવે છે. આ ક્રમમાં તા. ૧૨મી મે ને રવિવારના રોજ ગાંધીનગર સાહિત્યસભાના ઉપક્રમે 'સર્જક સાથે એક સાંજ' કાર્યક્રમ યુથ હોસ્ટેલ, ગાંધીનગર ખાતે યોજાઈ રહ્યો છે.

આ કાર્યક્રમ અંતર્ગત સંવેદનશીલ સાહિત્યસર્જક રવજીભાઈ ગાબાણી તેમની સર્જનયાત્રા વિશે વાત કરશે અને પોતાની કૃતિઓનું પઠન કરવા ઉપરાંત સૌ ભાવકો સાથે સીધો સંવાદ પણ કરશે.

# ગાંધીયુગના તેજસ્વી તારક : દક્ષાબહેન પટ્ટણીની વસમી વિદાય

## ક્ષણના ચણીબોર



વી. એસ. ગઢવી

ગાંધીજીને ગયા તેને તો ઘણો સમય પસાર થઈ ગયો. ગાંધીજીની હત્યા કરવામાં આવી ત્યારે ભાવવિભોર થયેલા પંડિત જવાહરલાલ નહેરુ એ કહ્યું કે આપણાં જીવનમાંથી પ્રકાશ ચાલ્યો ગયો છે. એ વાત ખરી હતી પરંતુ એ નિયતિનો નિર્ધાર હતો. ગાંધીજીના ગયા પછી કેટલાક ગાંધી વિચાર વાહકોએ મહાત્મા ગાંધીના વિચારોના વાસ્તવિક અમલીકરણ માટે નિષ્ઠાપૂર્વક પ્રયાસ કર્યો. વિનોબાજીથી શરૂ કરી રવિશંકર મહારાજ સુધીના અનેક ધન્યનામ લોકોએ ગાંધી વિચારબીજનો વટવૃક્ષ સમાન પ્રસાર કર્યો. કેટલાક ગાંધીના અનુયાયીઓએ ગાંધી વિચારની સૌરભ ઉચ્ચતમ લખાણ કે પ્રવચનો દ્વારા જન જન સુધી પહોંચાડવાનો ભગીરથ પ્રયાસ કર્યો. આવા પુણ્યશ્લોક લોકોમાં નારાયણ દેસાઈનું નામ સ્વાભાવિક રીતેજ યાદ આવે. પરંતુ આવાજ એક વિચારક તથા આજીવન પ્રાધ્યાપક ભાવનગરના દક્ષાબહેન પટ્ટણીની તાજેતરમાંજ ચિરવિદાય થઈ તેનો ભરપૂર રંજ અનેક લોકોના મનમાં થયો. ગાંધી વિચાર પરના ઊંડા તથા આરપારના અધ્યયનને કારણે દક્ષાબહેને જે લખ્યું તે અમૂલ્ય છે. જીવનમાં એક કમીટમેન્ટને કારણે દક્ષાબહેનના શબ્દોમાં ઓજસ્વીતા છતાં સરળતાનો સુયોગ જોવા મળે છે. દક્ષાબહેનનો જન્મ ભાવનગરમાં ૪ નવેમ્બર ૧૯૩૮માં થયો. ગાંધીજીના ચિંતનને કેન્દ્રમાં રાખીને સંશોધન નિબંધ તૈયાર કર્યો. ડૉકટરેટ મેળવ્યું. ૧૯૬૯ થી ૧૯૯૪ સુધી સતત અધ્યાપન કાર્ય એક નિષ્ઠાથી કર્યું. ત્યારપછી પણ ગુજરાત વિદ્યાપીઠ તેમજ લોકભારતી સણોસરા જેવી સંસ્થાઓમાં વિઝીટીંગ પ્રોફેસર તરીકે ગાંધી વિચારના મુક્તકોની પેટ ભરીને લહાણી કરી. કોઈ પ્રસિધ્ધિની ખેવના ન રાખવી તેવા લોહીના સંસ્કાર હોવાથી માન – સન્માન તેમજ ભભકાવાળા સમારંભોથી સજગતાપૂર્વક દૂર રહ્યા. મળીયે ત્યારે વંદન કર્યા સિવાય રહી શકાય નહિ તેવા સંસ્કારતેમજ સૌમ્ય વ્યક્તિત્વથી બહેન ઝળાહળા હતા. કાળના અવિરત વહેતા પ્રવાહ પર પોતાની આગવી ફૂટપ્રિન્ટ મૂકીને દક્ષાબહેન ગયા. કવિ રમેશ પારેખે લખ્યું છે તેમ કાળ પણ તેમના પાવન પગલાંની છાપ જતનથી જાળવી રાખશે.

પડે ન સહેજે ખુદનો ડાઘો
એમ જગતને અડે
એવા કોઈ દરવેશ
જેના કાળ સાચવે પગલાં.

ડૉ. દક્ષાબહેન પટ્ટણીએ અલગ અલગ સ્થળો તેમજ પ્રસંગોએ કરેલા પચાસ જેટલા પ્રવચનો વિખ્યાત સામયિકોમાં છપાયા છે. જન સામાન્ય સુધી પહોંચ્યા છે. દક્ષાબહેનના પી.એચ.ડી.ના માર્ગદર્શક તરીકે મનુભાઈ પંચોળી – દર્શક – તેમજ સી. એન. પટેલ હતા. તે બાબતજ સૂચવે છે કે બહેનના શોધ નિબંધની કક્ષા કેવી હશે. એક યાદગાર તથા ઐતિહાસિક ઘટનાનો અહીં ઉલ્લેખ કરવો અસ્થાને નથી. નારાયણ દેસાઈના પુસ્તક ''મારું જીવન એજ મારી વાણી'' જેનું પ્રકાશન ૨૦૦૩ માં થયું હતું. નારાયણભાઈના આ ગ્રંથનું પ્રથમ વિમોચન પૃથ્વી થીયેટર્સ મુંબઈમાં થયું. બીજું વીમોચન સાબરમતી આશ્રમ અમદાવાદમાં થયું. રાષ્ટ્રીય શાળા – રાજકોટ તેમજ ભાવનગરમાં ત્રીજા તેમજ ચોથા વિમોચન સમારંભો થયા. નોંધપાત્ર બાબત એ છે કે આ બધાજ વિમોચન પ્રસંગોએ પુસ્તક પરિચય આપવાનું કાર્ય માત્ર એકલા દક્ષાબહેને કર્યું. જેનું જીવન ગાંધીના ખોળામાં વિત્યું છે તેવા ગાંધીના ''બાબલા' (નારાયણ દેસાઈ)ની ગાંધી જેવી ઝીણી તથા સ્વસ્થ દ્રષ્ટિએ દક્ષાબહેનની માત્ર વિદ્વતાજ નહિ પરંતુ તેમના સમૃધ્ધ આંતરિક સત્વની પણ પરખ કરીને આવું આયોજન કર્યું તે જોઈને પ્રસન્નતા અને ગૌરવની લાગણી થાય છે.

'ગાંધીજીનું ચિંતન' એ દક્ષાબહેનનો મહાનિબંધ છે. આ નિબંધ ડૉકટરેટની પદવી માટે ૧૯૭૬ માં ગુજરાત યુનિવર્સિટીમાં માન્ય કરવામાં આવ્યો. બહેનના આ મહાનિબંધ માટે આજીવન ગાંધી તથા રવિશંકર મહારાજના આદર્શોને અનુસરીને ચાલેલા મ. જો. પટેલે કરેલું અવલોકન ધ્યાનમાં લેવા જેવું છે. મ. જો. લખે છે :

'' ગાંધી જીવન તથા વિચારના લગભગ તમામ પાસાને આવરી લેતું આવું મૂલ્યાંકન અન્ય ભાષાઓમાં જવલ્લેજ જોવા મળશે. હિંદી – અંગ્રેજીમાં કદાચ આ પ્રકારના મૂલ્યાંકનો થયા હશે પરંતુ મારા વાંચવામાં આવ્યા નથી. ગુજરાતીમાં તો કોઈ લેખક કે સંશોધકે આવું કાર્ય કર્યાનું જાણમાં નથી.'' મ. જો.નું આ અવલોકન યથાર્થ છે. દક્ષાબહેને મુક્ત તથા ન્યાયી રીતે મહાત્મા ગાંધીની અપૂર્ણતાઓની પણ ચર્ચા કરી છે. એ રીતે અપૂર્ણતાથી પૂર્ણત્વને પામવાનો ગાંધીનો જીવનભરનો પ્રયાસ અહીં આલેખાયો છે.

બાપુ તથા આચાર્ય કૃપલાની વચ્ચેનો એક સુંદર સંવાદ દક્ષાબહેને ટાંક્યો છે. આચાર્ય કૃપલાનીએ ગાંધીજીને કહ્યું :

'' બાપુ, આમ અહિંસક આંદોલનથી દુનિયાનો કોઈ દેશ સ્વતંત્ર થયો હોય એવું ઈતિહાસમાં બન્યું નથી. '' ગાંધીજીએ સૂચક જવાબ આપ્યો : '' કૃપલાની, તમે ઈતિહાસ ભણાવો છો પણ આપણે તો નવો ઈતિહાસ રચવાનો છે. '' આત્મવિશ્વાસ, નમ્રતા તેમજ જવાબદારીની સભાનતા સાથેનો ગાંધીજીનો આ જવાબ ચિરકાળ સુધી સ્મૃતિમાં રહે તેવો છે.

દક્ષાબહેનનો ભવ્ય તથા ઉજ્વળ કૌટુંબિક વારસો પણ સહેજે આદર થાય તેવો છે. ભાગવતની કથાઓ તેમજ સાહિત્યના સંસ્કાર તેમને ગળથૂથીમાં મળ્યા હતા. '' મારી નાડ તમારે હાથ હરિ સંભાળજો રે '' એ ગાંધીજીને પ્રિય ભજન હતું. આ ભજન બહેનના પિતાના કાકા કેશવરાય હરિરામ ભટ્ટે લખેલું હતું. જેમનો પરિચય ભાગ્યેજ આપવો પડે તેવા સર પ્રભાશંકર પટ્ટણીપણ દક્ષાબહેનના પિતાના પિતરાઈ ભાઈ હતા. બહેનના પિતા વિજયશંકર પટ્ટણી સંસ્કૃત તથા ગુજરાતીના વિદ્વાન હતા.

કાળનો પ્રવાહ નિરંતર વહેતો રહે છે. નારાયણ દેસાઈ ગયા. મીરાબહેન ભટ્ટ (ભાવનગર) પણ ચિરયાત્રાએ નીકળી ગયા. ચુનીકાકા જેવા કર્મશીલે પણ વસમી વિદાય લીધી. હવે જ્યારે દક્ષાબહેને દૂરના પ્રયાણ આદર્યા છે ત્યારે મનમાં ખિન્નતાનો ભાવ થાય તે સંભવિત છે. ગાંધીવિચારની આ મશાલ ઝાંખી પાંખી ન થાય તે જોવાની આપણી સામૂહિક જવાબદારી છે. દક્ષાબહેનને 'આવજો' કહેવું ગમે તેવું નથી પણ એજ કાળની ગતિ છે.

# 'દાંડીયાત્રા મારા જીવનની છેલ્લી યાત્રા, એટલે જ વાહનના બદલે પદયાત્રા છે'

## ગાંધી ૧૦૦



ડો. રાજેન્દ્ર જાની

દાંડીકૂચના સેનાપતિ મહાત્મા ગાંધીની આગેવાનીમાં બાર માઈલ ચાલીને આઠમા દિવસે કૂચ રાસ ગામે પહોંચી. બપોરે ત્રણ વાગ્યે સભા હતી ૨૫હજારની હાજરી હતી જેમાં બહેનોની સંખ્યા પણ હજારોમાં હતી અહીંના પટેલો અને મતાદારોએ રાજીનામા આપ્યા હતા. દાંડીકૂચ શરૂ થાય ત્યારે આયોજનના આશયથી નીકળેલા સરદાર વલ્લભભાઈ પટેલની આ ગામમાંથી જ સરકારે ધરપકડ કરી હતી. સરદારની ધરપકડને યાદ કરતાં ગાંધીજીએ કહ્યું આજે તો રાસ ઉપર જવાબદારી આવી છે. સરદાર અમદાવાદથી નીકળ્યા હશે ત્યારે પકડાશે એવો ખ્યાલ નહોતો એમને કે નહોતો મને, પણ પકડાવવાનું રાસમાં મળ્યું. એટલે રાસનો ધર્મ વિશેષ થયો. મુખી અને દારૂના પીઠાના રાજીનામા આપનારને મુબારકબાદી આપતા રાસમાંથી ૫૦૦ સૈનિકો આ લડતમાં માગતા તેમણે કહ્યુ કે તો જ મારું પેટ ભરાશે. ગામના એક ૮૦ વર્ષની ડોસીએ મને પૂછ્યું વલ્લભભાઈ છૂટશે? એનો જવાબ વાળતાં બાપુ એ કહ્યુઃ 'જો તમે કહો કે અમારે ન જોઈએ ખેતર, ન જોઈએ ઘરબાર અને બધા જ બહારવટે નીકળી પડે તો અત્યારે જ વલ્લભભાઈ છૂટી શકે'. રાસના સૈનિકોએ આ રાજનીતિનો નાશ ન થાય ત્યાં સુધી ઝૂઝવાનું છે. આ તો ધર્મયુદ્ધ છે અને ધર્મ તો માથા સાથે જે મરણીયા થાય તે જ પાળી શકે. ગાંધીજીની વાતને શિરોમાન્ય કરીને પાંચસો ભાઈ-બહેનોએ સૈનિક તરીકે પોતાના નામ નોંધાવ્યા અને નાકરની લડતની તૈયારી પણ કરી લીધી.

ત્યાંથી નિકળીને કાફલો રાત્રે આઠ વાગ્યે કંકાપુરા ગામે પહોંચ્યા ૨૦ હજારની જનમેદનીને સંબોધન કરતાં ગાંધીએ કહ્યું કે આ ગામમાં મુખ્યત્વે ગરાસસિયાઓ છે. તમે બહાદુરી માટે પંકાયેલા છો, પણ દોષો છે તેને લઈને તમારી ચડતી થતી નથી. તમે કેટલાક સુધારા કર્યા છે તે માટે ધન્યવાદ. પણ હજી ઘણું કરવાનું બાકી છે તે કરો તો તો આખા હિન્દુસ્તાનમાં તમારું નામ પંકાય. મેં ધર્મયુદ્ધ આરંભ્યું છે, પગપાળા મુસાફરી કરી રહ્યો છું તેનું કારણ ઊંડું છે. આ તો મારા જીવનની છેલ્લી ધર્મ યાત્રા છે. પરંપરાથી ચાલતી આવેલી યાત્રામાં કષ્ટ સહન કરવાનું હોય. લોકોના સુખ દુઃખ જોયા હોય ત્યારે તે સાચી યાત્રા કહેવાય આ રાજ દારૂનો વેપાર કરે છે, તમારે તો મીઠું પકવવા નદી પાસે જ છે. બહેનો પણ મીઠું બનાવે અને જેલ જવું પડે તો જાય. દુઃખ સહન કરે, માર સહન કરે ગોળીબાર કરે તો મરી જવું પણ તમારા હાથ ન વાપરવા એ પ્રતિજ્ઞા તમારે આ લડતમાં યાદ રાખવાની છે. -આમ ગાંધી દાંડી તરફ આગળ વધતા હતા અને સાથે સાથે પ્રજાજીવનની કેળવણીનું અગત્યનું કામ કરતા જતા હતા. ગાંધી સમજાવતા તો હતા જ પણ એમની સમજાવવાની રીતમાં ક્યાંય કોઈના ખોટા વખાણ ન હતા. તમારી સાથે જોડાયેલો હોય એટલે એ ચોખ્ખો એમ કરીને એની પીઠ થપથપાવવાનું કામ ગાંધી ન કરતા.પ્રજાને તેમના દુર્ગુણ અને દોષો હોય તો એ તરફ તેમનું ધ્યાન દોરતા અને સરળ શબ્દોમાં દોષો ત્યજવા માટે સલાહ આપતા હતા. કંકાપુરામાં તો તેમણે સ્પષ્ટ કર્યું કે મારી આ જીવનની છેલ્લી યાત્રા છે. બહુ જ માર્મિક રીતે પોતાની પગપાળા યાત્રા ને છેલ્લી યાત્રા તો પગપાળા જ હોય એવી વાત સાથે જોડી દીધી. ગાંધી એ રીતે સ્પષ્ટ હતા કે નાકરની લડત એ અંગ્રેજો સામેની તેમની પ્રજાને સાથે લઈને સૌથી છેલ્લી સંગઠિત લડત છે, આ લડતમાં પાછીપાની કર્યા વગર જીવનના પ્રાણ સુધી સત્ય અને અહિંસાના માર્ગે લડી લેવાનો નિર્ધાર તેમણે કરી દીધો હતો તેને પ્રજા સમક્ષ પણ તેઓ મુકતા હતા.

**ને મોડા પડેલા જવાહરલાલ નહેરુને કાંપ અને કાદવ ખુંદીને બાપુને મળવા જવું પડ્યું**

નવમા દિવસે મહીસાગરનો એક તરફનો કાંઠો છોડીને સામેના કાંઠે થઈને આગળ વધવાનો રસ્તો આવતો હતો. અત્યાર સુધીની કૂચ સપાટ સડક ઉપર હતી. હવે સામે કાંઠે જતા પહેલા સાગર જેવી મહી નદીને ઓળંગવાની હતી. મધરાતે ભરતીના પાણી જ્યારે આવે ત્યારે નાવડીમાં નદી પાર કરી શકાય એવી સ્થિતિ હતી. ગાંધીજીએ મધરાતે નદી ઓળંગ્યા પછી કાંપ અને કાદવ ખૂંદીને મહીસાગર પાર ઉતર્યા હતા. આમ જોઈએ તો સાબરમતી આશ્રમ અમદાવાદથી દાંડીના દરિયા સુધીની આ કૂચના યાત્રા માર્ગમાં મહી નદી ઓળંગવાનો રસ્તો ખૂબ જ ટૂંકો હતો પણ બધા જ રસ્તાઓમાં સૌથી વધુ વસમો હતો. અદધી રાતે પણ ઠેકઠેકાણેથી આવેલા લોકો તેમને વિદાય આપવા માટે એકત્ર થયા હતા. જાણે કે ચરોતરના મહી કાંઠે એક મેળો જામ્યો હતો. આ લોક મેળામાં લોકોએ ગાંધીના નામના રાસ લઈને હેલાને હેલે ચડાવ્યો હતો. ''ખેલો ગાંધીના દાંડિયા રાસ, દાંડિયા રાસ કે રાસ ખેલો ગાંધીજીના દાંડિયા રાસ ખેલો, વલ્લભના દાંડિયા રાસ''- એવા શબ્દો સાથે ગરબા અને રાસ ચાલ્યા હતા. રાત્રે ૧૨ વાગ્યા પછી ચાંદની બરાબર જામી અને ભરતી ચડવા માંડી એટલે ગાંધીજી તેમના સાથીઓ સાથે ઝૂંપડીમાંથી બહાર આવીને પાણીમાં તરતી નાવડીઓ તરફ ચાલવા માંડ્યું. ઘૂંટણસમા પાણીમાં ચાલીને સૌ નાવડીએ પહોંચ્યા. બદલપુરના રઘુનાથ કાકાએ મહીસાગર પાર કરવાની જવાબદારી લીધી હતી. આ માટેનો અધિકાર મેળવવા માટે તેમણે દિવસો પહેલા ખાદી પહેરવા માંડી હતી. રઘુનાથકાકાએ મહાત્મા ગાંધીના 'કેવટ' બનીને તેમને પાર ઉતાર્યા હતા. વર્ષો પછી રામાયણમાં આવતો પ્રસંગ દાંડી કૂચ સાથે પણ આવી રીતે જોડાઈ ગયો. મહિના સામે કાંઠે જઈને દાંડી સૈનિકોએ વીર ભૂમિ ખેડાની નવમા દિવસે વિદાય લીધી હતી.

મહી કાંઠે ઉતરીને આગળ જવામાં બે-ત્રણ માઈલ નો તો રસ્તો ખૂબ જ કપરો હતો. કાદવ અને કાંપ ખૂંદીને જવાનું હતું. એટલે ઘણાંએ ગાંધીબાપુને ઉંચકી લેવાની તૈયારી કરી પણ ગાંધીજીએ જવાબ આપ્યો મારી આ ધર્મયાત્રા છે. યાત્રા તો પગે ચાલીને જ કરાય. કાદવ ખૂંદીને સામે પાર રાખેલી ઝૂંપડીએ પહોંચ્યા ને લાગેલો કાદવ ધોઈ નિંદ્રામાં પોઢી ગયા. ગાંધી તો યાત્રા લઈને નીકળ્યા હતા એટલે એમને તો કાદવ ખૂંદીને સામે જવું પડે પણ ગાંધીજીને મળવા આવેલા જવાલાલ નેહરૂને પણ મહીના ગોઠણસમા પાણીમાં ચાલવું પડ્યું કાદવ અને કાંપ ખૂંદીને જવું પડ્યું હતું બાપુને મળવા કારણકે અમદાવાદની બેઠક પૂરી કરીને તેઓ ગાંધીજીને મળવા તો મારતી મોટરે નીકળ્યા પણ બાપુ કંકાપુરા છોડે એ પહેલા તેઓ પહોંચી શક્યા નહીં. સમય પાલનના પાબંદ બાપુ તો રાહ જોયા વગર સમય થયો એટલે આગળ નીકળી ગયા હતા. નહેરુને મહીસાગર પાર કાદવ-કાંપ ખુંદીને જવું પડ્યુ હતુ.